## પ્રકરણ-૧૫
## (નિયમ સંગ્રહ-૧૪)
## કાર્યો કરવા માટે નક્કી કરેલાં ધોરણો.

### ૧૫.૧ વિવિધ પ્રવૃતિઓ/કાર્યક્રમો હાથ ધરવા માટે વિભાગે નક્કી કરેલ ધોરણોની વિગતો આપો.

| | | |
|---|---|---|
| ૧ | નિગમની યોજનાઓમાં થતાં ધિરાણો | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના પરિપત્ર નં. અપબ/૧૩૦૪/૧૬૮૯/જ,તા.૧૭/૦૩/૦૪ થી ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અનુ.જાતિ), હસ્તકની યોજનાઓમાં થતા ધિરાણોમાં ૧૫ ટકા ધિરાણ અતિપછાત જાતિઓ માટે વાપરવાના નિયત કરેલ છે. |
| ૨ | અનુસૂચિત જાતિ પેટા યોજનામાં ટકાવારીના ધોરણે લાભ આપવા બાબત. | ૧. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ નં.અબડ/૧૦૨૦૦૩/૧૩૦૩/હ, તા.૧૭/૦૫/૨૦૦૪ થી નિયત થયા મુજબ ડૉ.આંબેડકર આવાસ યોજનામાં જિલ્લાના કૂલ લક્ષ્યાંકના ૧૫ ટકાના ધોરણે અતિપછાત જાતિઓના ઈસમોને અગ્રતાના ધોરણે લાભ આપવાનું ઠરાવેલ છે.<br>૨. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના પરિપત્ર ક્રમાંક અપબ/૧૩૦૪/૨૧૬/જ તા.૧૨/૦૮/૨૦૦૪ થી ખાસ અંગભૂત યોજનામાં દરેક યોજનાની જોગવાઇના ૧૫ ટકા રકમ અતિપછાત જાતિઓ માટે વાપરવાનું નિયત થયેલ છે.<br>૩. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ નં. એસ.સી.ડબલ્યુ/૧૦૯૮/ન.બા./૮-ગ, તા.૧૩/૧૨/૦૪ ના ઠરાવથી અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન/સહાય યોજનામાં લાભાર્થીઓની પસંદગી કરવામાં આવે ત્યારે અતિપછાત જાતિના ઓછામાં ઓછા ૧૫ ટકા હોવા જોઇએ તેવું નિયત થયેલ છે. |
| ૩ | આવક મર્યાદાનું ધોરણ | સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ નં.એસ.સી.ડબલ્યુ/૧૦૨૦૦૩/૧૦૯૨/ગ તા.૧૪/૦૨/૦૫ ના ઠરાવથી અનુસૂચિત જાતિના ઈસમોને સ્વરોજગારી માટે નાણાકીય સવલત અંગેની માનવગરીમા યોજનામાં અતિપછાત જાતિઓ માટે આવકમર્યાદાનું ધોરણ રદ કરવામાં આવેલ છે. |